પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૨ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮, સોમવાર ; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જમ્મુમાં અથડામણમાં ચાર ત્રાસવાદી ઠાર

પાંચ જવાનો પણ શહીદ : આર્મી કેમ્પમાં નિવાસી વિસ્તાર હોવાથી ઓપરેશન વધુ લાંબુ ચાલ્યું : એકે ૪૭ તેમજ અન્ય ઘાતક શસ્ત્રો કબજે

જમ્મુ,તા. ૧૧

જમ્મુ-પઠાણકોટ માર્ગ પર સુંજુવાન આર્મી કેમ્પમાં ઘુસેલા ત્રાસવાદીઓ સામે ઓપરેશન સત્તાવારરીતે હજુ પરિપૂર્ણ કરવામાં આવ્યું નથી. સેનાએ વ્યાપક ઓપરેશન હાથ ધરીને ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. તેમની પાસેથી હથિયારોનો જંગી જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જો કે, આ ઓપરેશનમાં સેનાને પણ મોટુ નુકસાન ઉઠાવવાની ફરજ પડી છે. કારણ કે, આર્મી નિવાસી વિસ્તાર હોવાથી ખુબ જ સાવધાનીપૂર્વક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં પાંચ જવાન શહીદ થયા છે જેમાં બે જેસીઓનો સમાવેશ થાય છે. અથડામણ દરમિયાન એક નાગરિકનું પણ મોત થયું છે. આ ઓપરેશન પર નજર આર્મી ચીફ બિપીન રાવત પોતે કરી રહ્યા છે. બિપીન રાવત શનિવારે મોડી રાત્રે જમ્મુ પહોંચ ગયા હતા. ભારતીય સેનાના જવાનો વધુ નુકસાન ન થાય તે હેતુસર આ ઓપરેશન ચલાવી રહી છે. ઠાર મરાયેલા ત્રાસવાદીઓની પાસેથી એકે ૪૭ અને અન્ય ઘાતક હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. આર્મી કેમ્પ પર ગઈકાલે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

આ વર્ષના પાંચ મોટા આતંકી હુમલા

- ૨૭મી એપ્રિલના દિવસે ત્રાસવાદીઓએ કુંપવારામાં આર્મી ગેરિસન ઉપર હુમલો કર્યો હતો જેમાં ત્રણ જવાન શહીદ થયા હતા. બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા
- ૨૬મી ઓગસ્ટના દિવસે પુલવામામાં ડિસ્ટ્રીક્ટ પોલીસ લાઈન ઉપર આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં આઠ જવાન શહીદ થયા હતા. ત્રણ ત્રાસવાદીઓ ઠાર થયા હતા
- ત્રીજી ઓક્ટોબરના દિવસે જૈશના ત્રાસવાદીઓએ શ્રીનગર એરપોર્ટ પર બીએસએફ કેમ્પ ઉપર આત્મઘાતી હુમલો કર્યો હતો જેમાં બીએસએફ એએસઆઈ શહીદ થયા હતા. ત્રણ ત્રાસવાદીઓ ઠાર થયા હતા
- ૩૧મી ડિસેમ્બરના દિવસે જૈશે પુલવામામાં સીઆરપીએફ કેમ્પ ઉપર હુમલો કર્યો હતો જેમાં પાંચ જવાન શહીદ થયા હતા
- ૧૦મી ફેબ્રુઆરીના દિવસે પઠાણકોટ-જમ્મુ માર્ગ પર સુંજુવાન કેમ્પ પર હુમલો કરાયો જેમાં પાંચ જવાન શહીદ થયા. ચાર ત્રાસવાદીઓ ઠાર થયા

ન્યુઝ ટ્રેક

મધ્યપ્રદેશમાં વરસાદ સાથે કરાં પડ્યા

મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારોમાં અચાનક જ મોસમમાં પરિવર્તન આવ્યુ અને તેજ વરસાદ સાથે કરાં પડવા માંડ્યા હતા. સાથે જ વીજળી પડતા ચાર વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યાના અહેવાલ છે.

ઓએનજીસીએ અબુધાબીમાં ૬૦૦ મીલીયન ડોલરનું રોકાણ કર્યુ

અબુધાબી ઓઈલ ફિલ્ડમાં ઓનએનજીસીએ ૧૦ ટકા હિસ્સો મેળવી ૬૦૦ મીલીયન ડોલરનું રોકાણ કર્યું છે.

એસબીઆઈએ ૨૦ હજાર કરોડની લોન માંડવાળ કરી

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ લોનના હપ્તા ન ભરનાર કેટલાક લોન ધારકોની લોન માંડવાળ કરવાનો નિર્ણય કર્યો છે. આ રકમ ૨૦ હજાર કરોડ સુધી પહોંચી છે.

રશિયામાં યાત્રી વિમાન ક્રેશ

મોસ્કોથી ઉડાન ભર્યા બાદ નજીકના વિસ્તારમાં જ યાત્રી વિમાન ક્રેશ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ વિમાનમાં ૬૫ યાત્રીઓ અને ૬ ક્રુ મેમ્બર સવાર હતા. જો કે હજુ જાનહાનીના અહેવાલ નથી.

બિહારમાં થર્મલ પાવર પ્લાન્ટમાં આગ

બિહારના બરોની થર્મલ પાવર પ્લાન્ટમાં આગ લાગી હતી. આગ ખુબ ભીષણ હોવાના અહેવાલ છે.

નદવી ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડમાંથી આઉટ

અયોધ્યા વિવાદને ઉકેલવા ફોર્મ્યુલા ભારે પડી

હૈદરાબાદ,તા.૧૧

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે સમજૂતિની ફોર્મ્યુલા આપનાર મૌલાના સઈદ સલમાન હુસૈની નદવીને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડમાંથી કાઢી મુકવામાં આવ્યા છે. મૌલાના નદવીએ થોડાક દિવસ પહેલા જ આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકરની સાથે બેંગ્લોરમાં બેઠક યોજી હતી. બેઠક બાદ અયોધ્યા વિવાદને ઉકેલવની ફોર્મ્યુલા પણ આપી હતી. તેમના સૂચનથી ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્યો નાખુશ હતા. તેમની સામે શિસ્તની કાર્યવાહી કરવા માટે ચાર સભ્યોની સમિતિ બનાવવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે શુક્રવારના દિવસે જ હૈદરાબાદમાં પોતાની બોર્ડ મિટિંગમાં નદવીની ફોર્મ્યુલાને ફગાવી દેવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય કાસીમ ઈલિયાસે મૌલાના નદવીને કાઢી મુકવાની જાહેરાત કરી હતી.

યુએઈમાં પ્રધાનમંત્રી મોદી છવાયા

દુબઈમાં ભારતીય સમુદાયને મોદીનું સંબોધન : નોટબંધી-જીએસટી જેવા મુદ્દાની વાત કરી : પ્રથમ હિન્દુ મંદિરનું શિલાન્યાસ

દુબઈ,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએઈના પ્રવાસ દરમિયાન આજે છવાઈ ગયા હતા. દુબઈના ઓપરા હાઉસમાં મોદીએ જોરદાર સંબોધન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા. તે પહેલા હિન્દુ મંદિરનો શિલાન્યાસ પણ કર્યો હતો. ૫૫૦૦૦ વર્ગ મીટર જમીનમાં બની રહેલા આ મંદિરને પશ્ચિમ એશિયાના પથ્થરથી બનેલા પ્રથમ હિન્દુ મંદિર તરીકે ગણવામાં આવે છે જેમાં બીએટીએસ સંસ્થા દ્વારા સક્રિયરીતે રસ દર્શાવીને આ મંદિરનું નિર્માણ કરવામાં આવશે. આ ગાળા દરમિયાન મોદીએ યુએઈમાં રહેતા ભારતીય લોકોને સંબોધન કર્યું હતું. દુબઈના ઓપેરા હાઉસમાં પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, કદાચ કેટલાક દશકો ૧૯ ભારતના અખાત દેશો સાથે આટલા મોટાપાયે અને વ્યાપક સંબંધો સ્થાપિત થયા છે. તેમણે ઉમેર્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતની પ્રગતિ થઈ

● અનુસંધાન પાન-૭ પર



હિંસાથી ભાજપના સભ્યો હવે ભયભીત નથી : અમિત શાહ

ત્રિપુરામાં અમિત શાહે વિશાળ રોડ શો યોજ્યો : ભાજપ સરકાર બનાવશે તો સાતમાં વેતન પંચના લાભ સરકારી કર્મીઓને મળશે : ત્રિપુરાને મોડલ સ્ટેટ બનાવાશે

અગરતલા,તા.૧૧

ત્રિપુરા વિધાનસભા ચૂંટણીમાં શાસક પક્ષ માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીને પરાજિત કરવાના હેતુસર ભાજપે જોરદાર તૈયારી કરી છે. ભાજપે જોરદાર તૈયારીના ભાગરુપે આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો છે. ભાજપ પ્રમુખ અમિત શાહ પોતે મોરચો સંભાળી ચુક્યા છે. અમિત શાહે આજે શ્રેણીબદ્ધ ચૂંટણી રેલી યોજી હતી અને રોડશો યોજયા હતા. સીપીએમ સરકારની જોરદાર ઝાટકણી કાઢતા અમિત શાહે કહ્યું હતું કે, ભાજપ સીપીએમની ચૂંટણી હિંસાથી ડરનાર પાર્ટી નથી. આ વખતે પ્રજા પરિવર્તનના મૂડમાં દેખાઈ રહી છે. અહીં ભાજપ ગઠબંધનની ચોક્કસપણે જીત થશે. અમિત શાહે કહ્યું હતું કે, અહીંની પ્રજાને દબાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમને મતદાન કરવા જતા રોકવામાં આવી રહ્યા છે. અમિત શાહે સીપીએમના નેતાઓને પડકાર ફેંકતા કહ્યું હતું કે, આ વખતે ટક્કર ભાજપ સાથે છે જેથી તેમને સાવધાન થઈ જવું જોઈએ. અમિત શાહે રોડ શો કર્યો ત્યારે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. આ વખતે સરકાર બનાવવા માટે ભાજપના નેતાઓ જુદા જુદા વચનો આપી રહ્યા છે. અમિત શાહે કહ્યું હતું કે, અહીં લાલભાઈઓની સરકાર છે. કોમ્યુનિસ્ટોની સરકાર છે. ભાજપની સરકાર બન્યા બાદ સરકારી કર્મચારીઓને સાતમા વેતન પંચના લાભ મળશે. ત્રિપુરામાં અમે હિંસાની રાજનીતિનો અંત લાવીને વિકાસની રાજનીતિ ઉપર આગળ વધવા ઈચ્છુક છીએ. ત્રિપુરામાં સ્ટાલિન અને લેનિનના જન્મદિવસ મનાવવામાં આવે છે પરંતુ વિવેકાનંદ અને ટાગોરના જન્મદિવસ મનાવવામાં આવતા નથી. ભાજપની સરકાર આવ્યા બાદ ત્રિપુરાને મોડલ સ્ટેટ બનાવવાની દિશામાં પહેલ કરવામાં આવશે. ત્રિપુરામાં ૧૮મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે અને ત્રીજી માર્ચે પરિણામ જાહેર કરાશે.

નોટબંધીના ૧૫ મહિના બાદ પણ નોટની ગણના હજુ જારી

ગણતરી કરવા માટે સીવીપીએસ મશીનોનો ઉપયોગ થઇ રહ્યો છે :૨૦૧૭ જૂનમાં નોટ સંખ્યા ૧૫.૨૮ લાખ કરોડ : ખુબ જ ઝડપથી કામગીરી જારી છે : આરબીઆઈ

નવી દિલ્હી,તા.૧૧

નોટબંધી બાદ પરત આવેલા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટની ગણતરી ૧૫ મહિનાના ગાળા બાદ પણ હજુ ચાલી રહી છે. આરબીઆઈ ૧૫ મહિના પહેલા બંધ કરવામાં આવેલી નોટની સંખ્યાના અસરકારક અને યોગ્ય મૂલ્યાંકન અને પ્રમાણિકતા પર હજુ કામ કરી રહી છે. રિઝર્વ બેંકનું કહેવું છે કે, આ કામગીરી ખુબ જ ઝડપથી ચાલી રહી છે. સમાચાર સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવેલી આરટીઆઈ અરજીના જવાબમાં રિઝર્વ બેંકે કહ્યું છે કે, રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ નોટની ગણતરી ચાલી રહી છે પરંતુ આને ટૂંક સમયમાં જ પરિપૂર્ણ કરી લેવામાં આવશે. આ પ્રક્રિયાને પૂર્ણ કરવામાં આવ્યા બાદ જ સમગ્ર જાણકારી જારી કરી શકાશે. બંધ કરવામાં આવેલી નોટોના સંદર્ભમાં પ્રશ્નના જવાબમાં આરબીઆઈએ કહ્યું છે કે, વેરિફિકેશનની પ્રક્રિયા પુરી થવા સુધી અંદાજિત મૂલ્યમાં ફેરફાર થઈ શકે છે.

વિશ્વમાં અમીર શહેરોમાં મુંબઈ ૧૨માં સ્થાન પર રહ્યું

નવીદિલ્હી, તા. ૧૧

ભારતના વાણિજ્ય પાટનગર તરીકે ગણાતા મુંબઈની ગણતરી દુનિયાના ૧૫ સૌથી અમીર શહેરોમાં થઈ રહી છે. મુંબઈની કુલ સંપત્તિ ૯૫૦ અબજ ડોલર અથવા તો ૬૧ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. દુનિયાના સૌથી અમીર શહેરોની આ યાદીમાં ત્રણ ટ્રિલિયન ડોલર અથવા તો ૧૯૩ લાખ કરોડ રૂપિયા સાથે ન્યુયોર્ક પહેલા સ્થાને છે. ન્યુ વર્લ્ડ વેલ્થના અહેવાલમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે.

ન્યુ વર્લ્ડ વેલ્થના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કોઈ શહેરની કુલ સંપત્તિમાં ત્યાં રહેનાર લોકોની ખાનગી અને અન્યરીતે એકત્રિત કરવામાં આવેલી રકમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમા સરકારના ફંડનો સમાવેશ કરવામાં આવ્યો નથી. અબજોપતિઓના મામલામાં મુંબઈ દુનિયાના ૧૦ શહેરોમાંથી એક છે. મુંબઈમાં કુલ ૨૮ અબજોપતિ રહે છે. મુંબઈના સંદર્ભમાં રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, શહેરન કુલ સંપત્તિ ૯૫૦ અબજ ડોલર અથવા તો ૬૧ લાખ કરોડ રૂપિયા છે. મુંબઈ ભારતના આર્થિક કેન્દ્ર તરીકે છે.

આધાર નથી તો પણ મળશે જરૂરી સર્વિસ અને સ્કીમનો ફાયદો

ન્યુ દિલ્હી, તા.૧૧

આધાર સંખ્યા જારી કરનાર UIDAIનું કહેવું છે કે આધાર સંખ્યા નહીં થવા પર પણ આવશ્યક સેવાઓનો લાભ આપવામાં ના પાડી શકાય નહીં. એમાં સાર્વજનિક વિતરણ પ્રણાલી હેઠળ રાશન મળવું, સ્કૂલોમાં એડમિસન અને સ્વાસ્થ્ય સેવાઓનો લાભ ઊઠાવવા જેવી જરૂરી સેવાઓનો સમાવેશ થાય છે.

UIDAIએ રાજ્ય સરકારોને કહ્યું છે કે એ એવું સુનિશ્ચિત કરે કે આધાર સંખ્યા નહીં હોવા પર જરૂરી સેવાઓ અને લાભના વાસ્તવિક લાભાર્થીને એમનો લાભ લેવામાં ના પાડી શકાય નહીં. એમાં રાશન મળવું, સ્કૂલોમાં પ્રવેશ મળવો, હોસ્પિટલમાં એડમિટ થવું અને સ્વાસ્થ્ય સેવાઓનો લાભ ઊઠાવવા જેવી જરૂરી જરૂરીયાતો સામેલ છે.

ભારત યુએઈ વચ્ચે ૫ કરાર

દુબઈ, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્રમોદીએ શહજાદા મોહમ્મદ બિન જાયદ અલ નાહ્યાન સાથે અનેક વિષયો પર વાતચીત કરી અને આ દરમિયાન બંન્ને દેશો વચ્ચે પાંચ કરાર પર પણ હસ્તાક્ષર કરાયા. મોદી ત્રણ દિવસની યાત્રાના બીજા ચરણમાં જોર્ડનથી અહીંયા પહોંચ્યા હતાં. વિમાન મથકે પણ અબુ ધાબીના શહેજાદા અને તેમના પરિવારે મોદીનું સ્વાગત કર્યુ. મોદીએ તેમના સ્વાગત માટે શહેજાદાનો આભાર માન્યો અને કહ્યું કે તેમની યાત્રાની ભારત યુએઈ પર સકારાત્મક અસર પડશે. ભારતીય દૂતાવાસથી અપાયેલ એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે ઈન્ડિયન કંસોર્ટિયમ (ઓવીએલ,બીપીઆરએલ અને આઈઓસીએલ) તથા અબુ ધાબી નેશનલ ઓયલ કંપની (એડીએનઓસી) વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં. જેમાં કહેવામાં આવ્યું કે આ યુએઈના અપસ્ટ્રીમ ઓયલ સેક્ટરમાં પહેલું ભારતીય રોકાણ છે. આ ઉપરાંત શ્રમશક્તિ,રેલવે તથા આર્થિક ક્ષેત્રમાં બંન્ને દેશો વચ્ચે કરાર કરવામાં આવ્યાં. મોદીએ અબુ ધાબીના પ્રિન્સે આયોજીત કરાયેલ જમણમાં પણ હાજરી આપી.

એટીએમમાંથી ૩.૫૦૦ની નકલી નોટ નીકળી

કાનપુર,તા.૧૧

ATM ચોક્કસ એક મશીન છે પરંતુ તેના પર વિશ્વાસ કરીને લોકો બેંકમાં જમા રકમ નીકાળવાની હિંમત કરી શકે છે. યુપીના કાનપુરમાં એક એવી ઘટના બની કે તે અંગે જાણી તમે પણ છક્કમાંથી પૈસા નીકાળવાનું બીજી વખત વિચારશો. કાનપુરમાં પૈસા નીકાળનાર ત્યારે હેરાન થઈ ગયા જ્યારે એક ખાનગી બેંકના ATMમાંથી ૫૦૦ રૂપિયાની ચૂરણવાળી નોટ નીકાળવા લાગી.